# આકાશતીર એર ડિફેન્સ સિસ્ટમ
## એરડિફેન્સની વિશિષ્ટ ટેકનોલોજી

હાલ ચાલતા રશિયા-યુક્રેન યુદ્ધ નિમિત્તે અને પછી ભારતના રશિયા સાથેના શસ્ત્રસોદા નિમિત્તે રશિયાની અત્યારે અત્યાધુનિક ગણાતી એર અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ S-400 ખાસ્સી ચર્ચામાં રહી. રશિયા આ સિસ્ટમ ભારતને આપે તેનાથી પાકિસ્તાન, ચીન અને અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશોના પેટમાં તેલ રેડાયું હતું. આ વાત અત્યારે એટલા માટે યાદ આવી ગઈ કે ચાલુ દાયકો ભારતીય લશ્કર માટે સત્તાવાર રીતે 'પરિવર્તનનો દાયકો' છે. એ જ રીતે ચાલુ વર્ષ ભારતીય લશ્કર માટે ટેકનોલોજિકલ પરિવર્તનોનું વર્ષ છે. આ જ ટેકનોલોજિકલ પરિવર્તનના ભાગરૂપે ઈન્ડિયન આર્મીની એવિએશન વિંગ અને ઈન્ડિયન એરફોર્સમાં આરંભિક ધોરણે પસંદગીના લશ્કરી મોરચાઓ પર આકાશતીર ટેકનોલોજી સાથેની એર ડિફેન્સ સિસ્ટમ કાર્યરત કરી દેવાઈ છે. આ ડિફેન્સ સિસ્ટમની વિશેષતાઓ જોતાં તેને હૂબહૂ નહીં તો કંઈક અંશે પણ રશિયાની એર અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ S-400નું ભારતીય વર્ઝન ગણી શકાય. લેખના આરંભે આ રશિયન ડિફેન્સ સિસ્ટમને યાદ કરવાનું આ પણ એક મહત્ત્વપૂર્ણ કારણ છે. હકીકતે ભારત માટે આકાશતીર એર ડિફેન્સ સિસ્ટમ એ આખો એક પ્રોજેક્ટ છે અને તેને એ દૃષ્ટિએ સમગ્રલક્ષી રીતે સમજવા જેવો છે. આ પ્રોજેક્ટ અને ટેકનોલોજી વિશે વાત કરીએ તે પહેલાં આજના સમયમાં આ પ્રોજેક્ટનું મહત્ત્વ પુરવાર કરતો નજીકના ભૂતકાળનો એક ઘટનાક્રમ ટૂંકમાં જોઈએ.

ડિસેમ્બર મહિનો હોય એટલે 1971નું ભારત-પાકિસ્તાન યુદ્ધ ચોક્કસ યાદ આવે જ. આ યુદ્ધમાં મળેલા વિજયની યાદમાં ઉજવાતો વિજય દિવસ હમણાં જ ગયો. આ નિમિત્તે ભારત અને બાંગ્લાદેશ બંનેએ પોતાની રીતે ઉજવણી કરી. ખાસ કરીને બાંગ્લાદેશમાં બદલાયેલા રાજકીય માહોલમાં થયેલી વિજય દિવસની ઉજવણી અને લગભગ તેનું જ પ્રતિબિંબ જરા જુદી રીતે, હકારાત્મક દૃષ્ટિકોણથી ઝીલીને ભારતમાં પણ વિજય દિવસની ઉજવણી થઈ હતી. ભારતની ઉજવણીથી એ પ્રસ્થાપિત થયું કે આ સંઘર્ષ એ ભારત અને બાંગ્લાદેશનો સહિયારો સંઘર્ષ હતો. આજે ભલે આ બંને દેશો વિજય દિવસની ઉજવણી પોતપોતાની રીતે સ્વતંત્રતાપૂર્વક કરતા હોય પણ આ વિજય આસાન તો નહોતો જ એ નિર્વિવાદ હકીકત છે. યુદ્ધ-71 જે રીતે શરૂ થયું તે ટૂંકમાં જોઈએ તો પણ આ બાબત પુરવાર થઈ જાય છે.

તે દિવસ હતો 3 ડિસેમ્બર, 1971 અને શુક્રવાર. યુદ્ધની આશંકા વચ્ચે સાંજના 5 વાગ્યા સુધીનો સમય ખાસ કશી નવાજૂની વિના રાબેતા મુજબ પસાર થઈ ગયો. એ પછી મોડી સાંજે 5 વાગીને 50 મિનિટે પાકિસ્તાની એરફોર્સે ભારતનાં શ્રીનગર, અમૃતસર, પઠાણકોટ, અંબાલા, આગરા, જોધપુર, ઉત્તરલાઈ, અવંતીપુર, ફરિદકોટ, હલવારા અને સિરસા એમ કુલ 11 એરફોર્સ બેઝ પર હુમલો કરીને ભારત વિરુદ્ધ સત્તાવાર રીતે યુદ્ધનું એલાન કરી દીધું હતું. એ પછી ભારતીય એરફોર્સે લગભગ તરત વળતો જવાબ આપવાનું શરૂ કર્યા છતાં તેને સત્તાવાર રીતે હરકતમાં આવતા 3 ડિસેમ્બર, 1971ની રાતના 11 વાગી ગયા હતા. તે જ સમયે પરિસ્થિતિની તત્કાળ સમીક્ષા કરવા મળેલી કેબિનેટ મીટિંગમાં પણ પહેલો પ્રશ્ન આ વિલંબ અંગે જ ઊભો થયો હતો. ખેર, યુદ્ધ-71નો એ પછીનો વિજય દિવસ સુધીનો સમગ્ર ઘટનાક્રમ તો જાણીતો છે એટલે આ વાત અહીં જ પૂરી કરીને 3



ડિસેમ્બર, 1971ની રાત્રે થયેલી એ કેબિનેટ મીટિંગમાં ઊભો થયેલો પ્રશ્ન વર્તમાન સમયના સંદર્ભમાં જરા જુદી રીતે મૂકીએઃ આજના સમયમાં શું ભારત પર આવો અણધાર્યો હવાઈ હુમલો થઈ શકે ખરો? અને જો આવો અણધાર્યો હવાઈ હુમલો થાય તો ભારત તત્કાળ અથવા

**આકાશતીર સિસ્ટમ ઘણી બધી સર્વેલન્સ સિસ્ટમને એકસાથે રાખીને કાર્ય કરે છે. આ સિસ્ટમ આર્મી એર ડિફેન્સ સિસ્ટમના ઘણા બધા નેટવર્કોને એક છત્ર નીચે લાવીને તે બધાનું એક સંયોજિત નેટવર્ક બનાવે છે. આ સંયોજિત નેટવર્કમાં રડાર સિસ્ટમ, કોમ્યુનિકેશન સિસ્ટમ તેમ જ અન્ય કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ્સનો સમાવેશ થઈ જાય છે**

બનતી ત્વરાએ વળતો જવાબ આપવા સક્ષમ છે? આ બંને પ્રશ્નોના જવાબ એ રીતે આપી શકાય કે આજના સમયમાં ભારતીય લશ્કર કોઈ પણ શક્યતાને નકારતું નથી અને તેથી જ કોઈ પણ પ્રકારના પડકારને પહોંચી વળવા સક્ષમ છે અને એટલે જ આજના સમયમાં આવા અણધાર્યા હવાઈ હુમલાનો તત્કાળ વળતો જવાબ આપવા માટે સંપૂર્ણ સક્ષમ છે.

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

ભારતની આ જ સજ્જતાનું બીજું નામ છે પ્રોજેક્ટ આકાશતીર અથવા આકાશતીર ટેકનોલોજી. સરળ શબ્દોમાં આકાશતીર ટેકનોલોજી એ હવાઈ સુરક્ષા માટેની એવી સ્વયંસંચાલિત અને દૂરથી નિયંત્રિત કરી શકાય એવી સિસ્ટમ છે કે જે વૈવિધ્યપૂર્ણ ટેકનોલોજીના સામૂહિક ઉપયોગ થકી દેશની હવાઈ યુદ્ધ અને હવાઈ સુરક્ષા- એમ બંને અંગેની ક્ષમતામાં વધારો કરે છે.

આ સમગ્ર પ્રોજેક્ટનો ઈતિહાસ ટૂંકમાં જોઈએ તો 1,982 કરોડ રૂપિયા(237 મિલિયન ડોલર)નું બજેટ ધરાવતો આ પ્રોજેક્ટ આપણા સંરક્ષણ મંત્રાલયની દોરવણી હેઠળ 'ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ(Bharat Electronics Limited-BEL)' દ્વારા માર્ચ, 2023માં શરૂ કરાયો હતો. અત્યારે આ પ્રોજેક્ટનું કામ પૂરઝડપે ચાલે છે.

આકાશતીર ટેકનોલોજી સાથેની સિસ્ટમ કઈ રીતે કાર્ય કરે છે તે ટૂંકમાં સમજીએ તો આકાશતીર સિસ્ટમ ઘણી બધી સર્વેલન્સ સિસ્ટમને એકસાથે રાખીને કાર્ય કરે છે. આ સિસ્ટમ આર્મી એર ડિફેન્સ સિસ્ટમના ઘણા બધા નેટવર્કોને એક છત્ર નીચે લાવીને તે બધાનું એક સંયોજિત નેટવર્ક બનાવે છે. આ સંયોજિત નેટવર્કમાં રડાર સિસ્ટમ, કોમ્યુનિકેશન સિસ્ટમ તેમ જ અન્ય કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ્સનો સમાવેશ થઈ જાય છે. આ રીતે એક છત્ર નીચે સમગ્ર નેટવર્ક ઊભું કરતી આ સિસ્ટમ થકી લશ્કરની ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ પર નજર રાખવાની ક્ષમતા અને જરૂર પડ્યે પરિસ્થિતિ મુજબ તત્કાળ સક્રિય થઈને વળતો જવાબ આપવાની ક્ષમતા વધે છે. જ્યાં આ સમગ્ર સિસ્ટમ કાર્યરત હોય તે લશ્કરી મોરચે તેની તમામ યાંત્રિક અને ટેક્નિકલ વ્યવસ્થા સાથેનું એક અલાયદું લશ્કરી વાહન તૈનાત હોય છે એટલે જરૂર પડ્યે પરિસ્થિતિ મુજબ આ સમગ્ર સિસ્ટમની તત્કાળ હેરફેર સરળ બને છે. તે ઉપરાંત આ સિસ્ટમની આવી સરળ હેરફેરના કારણે ગમે તેવા પડકારજનક લશ્કરી મોરચે તેનું સંચાલન કરવું સરળ રહે છે. આ સિસ્ટમ સમગ્ર એર ડિફેન્સ સિસ્ટમને સ્વયંસંચાલિત બનાવે છે એટલે કોઈ પણ સંભવિત હવાઈ હુમલાનો તત્કાળ પ્રત્યુત્તર આપવો પણ સરળ બને છે. આ ઉપરાંત દૃઢપણે એવું મનાય છે કે આ સિસ્ટમ થકી સર્જાતા સંયોજિત સુરક્ષા કવચને કારણે ખાસ કરીને આર્મી અને એરફોર્સની કોઈ પણ સંયુક્ત લશ્કરી કાર્યવાહી દરમ્યાન એર ડિફેન્સ સિસ્ટમના નિશાન પર આપણા પોતાના જ વિમાનો આવી જાય એવા કિસ્સા નોંધનીય રીતે ઘટશે. બીજા શબ્દોમાં કોઈ અતિ પડકારજનક અને ભીષણ લશ્કરી કાર્યવાહી દરમ્યાન આ સંયોજિત એર ડિફેન્સ સિસ્ટમ માટે પોતાનાં અને દુશ્મનનાં વિમાનો વચ્ચે તફાવત પાડવો સરળ બનશે અને જવાબી હુમલો વધુ ચોક્કસ બનશે. આ સિસ્ટમ અંતર્ગત 3D રડાર, લાઈટ વેટ રડાર અને આકાશતીર વેપન સિસ્ટમનો સમાવેશ થાય છે. આનાથી આર્મી એર ડિફેન્સ સિસ્ટમના છેક નીચલા સક્રિય સ્તર સુધી લશ્કરી મોરચાનું એકસરખું અને ચોક્કસ હવાઈચિત્ર પહોંચશે અને પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાની પદ્ધતિનું વિકેન્દ્રીકરણ થતાં સમગ્ર કાર્યવાહી ઝડપી બનશે.

આ ઉપરાંત આ ટેકનોલોજીના મહત્ત્વપૂર્ણ પાસાની યાદીમાં તેનાથી એક સંયોજિત, સમગ્રલક્ષી હવાઈચિત્ર મળે, એર ડિફેન્સની આખી લશ્કરી કાર્યવાહી સ્વયંસંચાલિત બને, પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાની પદ્ધતિનું વિકેન્દ્રીકરણ થાય, આ આખી સિસ્ટમની પરિસ્થિતિ મુજબ અનુકૂલન સાધવાની ક્ષમતા અને તેની કટોકટીના સંજોગોમાં કાર્યરત રાખવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા, સરળ સ્થાનાંતરણ વગેરેનો સમાવેશ થાય છે. કુલ 455 સિસ્ટમના ઓર્ડરમાંથી હાલ 107 સિસ્ટમ કાર્યરત થઈ છે.

ટૂંકમાં, આ ટેકનોલોજીથી આર્મી અને એરફોર્સ બંનેની કાર્યક્ષમતા વધશે.






# 'કાંતારા – અ લિજેન્ડ' થી
## 2025નું વર્ષ ઋષભ શેટ્ટીનું હશે?!

અલ્લુ અર્જુન 'પુષ્પાઃ ધ રૂલ' થી 2024નું વર્ષ પોતાના નામ પર કરવામાં સફળ રહ્યો છે. હવે 2025માં ઋષભ શેટ્ટી 'કાંતારા ચેપ્ટર 1' થી અલ્લુના રેકોર્ડ તોડી શકે છે. અલ્લુએ ઘણા રેકોર્ડ તોડ્યા છે અને નવા બનાવ્યા છે. ફિલ્મે 12 મા દિવસે રૂ.20 કરોડની કમાણી નોંધાવીને ઘણી હિન્દી ફિલ્મોના બાર વગાડી દીધા હતા. રૂ.20 કરોડનું ઓપનિંગ તો ઠીક કુલ કમાણી પણ ફિલ્મો માટે સપનું હોય છે. 'સ્ત્રી 2' ના ઘણા રેકોર્ડ હજુ હમણાં જ બન્યા હતા એને પણ ધ્વસ્ત કરી દીધા છે અને હવે શાહરૂખની 'જવાન' ના કોઈ રેકોર્ડ તોડવાના બાકી નહીં રહે. એ અલગ વાત છે કે ત્રીજા સપ્તાહે શાહરૂખના અવાજવાળી ફિલ્મ 'મુફાસાઃ ધ લાયન કિંગ' સાથે 'પુષ્પાઃ ધ રૂલ' ની ટક્કર થઈ છે. કોઈ દક્ષિણની ફિલ્મ હિન્દીમાં રૂ.600 કરોડ સુધી પહોંચી જશે એવું આજ સુધી કોઈએ વિચાર્યું ન હતું. ફિલ્મ રૂ.1500 કરોડની ક્લબમાં પ્રવેશી ચૂકી છે. સમીક્ષકો માને છે કે અલ્લુની પોલીસે ધરપકડ કરી એ પછી ફિલ્મની કમાણી વધી હતી અને બોક્સ ઓફિસ પર ફિલ્મની પકડ ઢીલી પડવાને બદલે મજબૂત થઈ છે. મજબૂત બેટીંગ સાથે ક્રિકેટરનો રનરેટ સારો રહે છે એવું સિનેમામાં અલ્લુની 'પુષ્પાઃ ધ રૂલ' ના ઝડપી રનરેટ માટે પણ કહી શકાય એમ છે. 2025 માં આમ તો દક્ષિણની અને હિન્દીની અનેક ફિલ્મો રજૂ થવાની છે પરંતુ જાણકારોના મત મુજબ 'પુષ્પાઃ ધ રૂલ' ના રેકોર્ડ તોડવાની ક્ષમતા અત્યારે 'કાંતારા ચેપ્ટર 1' ના બીજા ભાગમાં દેખાઈ રહી છે. આ વર્ષમાં જ એની ધીમે ધીમે હાઈપ ઊભી થઈ રહી હતી. ડિસેમ્બરમાં રજૂ થવાની શક્યતા હતી પણ હવે એને દશેરા પ્રસંગે ઓક્ટોબરમાં રજૂ કરવાનું નક્કી થયું છે. પેન ઈન્ડિયા ફિલ્મ 'કાંતારા' થી ઋષભ શેટ્ટીનું નામ ઘરે ઘરે જાણીતું થઈ ગયું હતું. એને અભિનય માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો અને મનોરંજક ફિલ્મનો પણ પુરસ્કાર મળ્યો હતો. ફિલ્મની સફળતા પછી એની પ્રીકવલ બનાવવાનું નક્કી થયું હતું. એનું નામ 'કાંતારા - અ લિજેન્ડ' આપવામાં આવ્યું છે. અલ્લુ અને ઋષભની ફિલ્મો વચ્ચે સમાનતા ઘણી છે. બંનેએ ફિલ્મ માટે ઘણો બધો સમય આપીને એનો બીજો ભાગ કર્યો છે અને શ્રેષ્ઠ અભિનય આપ્યો છે. ફિલ્મની વાર્તા જ નહીં એના કલાકારો વિષે પણ હજુ કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી છતાં અલ્લુ જેટલી જ ઉત્સુકતા ઋષભની ફિલ્મ માટે ઊભી થઈ છે. સામાન્ય રીતે પેન ઈન્ડિયા ફિલ્મ પાંચ ભાષાઓમાં રજૂ થાય છે ત્યારે 'કાંતારા - અ લિજેન્ડ' ને દક્ષિણની ભાષાઓ સાથે બંગાળી અને અંગ્રેજીમાં મળી સાત ભાષામાં રજૂ કરવામાં આવશે. એ કારણે કમાણી વધુ થઈ શકે છે. 'કાંતારા' ની લોકપ્રિયતા ઋષભને ફાયદો કરાવી ગઈ છે. અલ્લુ અને ઋષભ સામે ખાન હીરોએ ટક્કર આપવાની છે. આ વર્ષે ફિલ્મો આવી ન હોવાથી ખાન હીરોનું એકચક્રી રાજ હવે રહ્યું નથી. સલમાન ખાન માટે 2025 નું વર્ષ 'સિકંદર' ને કારણે મહત્ત્વનું છે. આ વર્ષે ફિલ્મ કોઈ ને કોઈ કારણે ચર્ચામાં રહી છે. 2025 માં ઈદ પર રજૂ થનારી 'સિકંદર' થી સલમાન બોક્સ ઓફિસ પર રાજા બનવાનો પ્રયત્ન કરશે. તો રૂ.1000 કરોડ કમાવાની ક્ષમતા ધરાવતો પ્રભાસ 'ધ રાજા સાહબ' થી ફરી પોતાનું વર્ચસ્વ ઊભું કરી શકે છે કેમ કે આ અત્યારના લોકપ્રિય ઝોનર હોરર કોમેડીની ફિલ્મ છે. ફિલ્મની કામચલાઉ તારીખ 10 એપ્રિલ રાખવામાં આવી છે. આ મહિને સની દેઓલની 'જાટ' આવશે. 'ગદર 2' પછી સનીની આ વધુ એક એક્શન ફિલ્મ હોવાથી સફળ રહે એમ છે. 2025 માં અક્ષયકુમારની ફિલ્મો આવવાની છે. હવે એની ફિલ્મો નિરાશ વધુ કરતી હોવા છતાં નવા વર્ષની શરૂઆત 24 જાન્યુઆરીએ 'સ્કાય ફોર્સ' થી થવાની છે. જે છપ્પર ફાડીને કમાણી કરાવી શકે છે. તેનું કારણ ફિલ્મનું નિર્માણ 'સ્ત્રી 2' આપનાર 'મેડોક ફિલ્મ્સ' દ્વારા થયું છે. ફિલ્મની વાર્તા 1965 ના ભારત- પાકિસ્તાનનાં હવાઈ યુદ્ધ પર આધારિત છે. અક્ષયકુમાર માટે 2025 નું વર્ષ પાછલાં ઘણા વર્ષો કરતાં વધુ સારું રહી શકે એવી ફિલ્મો છે. તે જોરદાર કમબેક કરી શકે છે. તેની અરશદ વારસી સાથેની 'જોલી LLB' ના બંને ભાગ પસંદ કરવામાં આવ્યા હતા. હવે તેનો ત્રીજો ભાગ એપ્રિલમાં રજૂ થઈ રહ્યો છે. બીજા ઘણા સ્ટાર્સ હોવાથી 'હાઉસફુલ 5' ને ભલે અક્ષયકુમારની જ ફિલ્મ ના ગણી શકાય પણ એ કોમેડીમાં માહિર હોવાથી આ ફ્રેન્ચાઈઝીમાં એની હાજરી જ કાફી ગણાય છે. 2025 માં રિતિક રોશનની 'વોર 2', આમિર ખાનની 'સિતારે જમીન પર', વિકી કૌશલની 'છાવા', કમલ હસનની 'ઠગ લાઈફ', શાહિદ કપૂરની 'દેવા', રજનીકાંતની 'કુલી', આયુષ્માન ખુરાનાની 'થામા' વગેરે ઉલ્લેખનીય ફિલ્મોની યાદી લાંબી છે. એમાંથી કઈ ફિલ્મ કમાલ કરશે એ જોવાનું રહેશે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર


**સામાન્ય રીતે પેન ઈન્ડિયા ફિલ્મ પાંચ ભાષાઓમાં રજૂ થાય છે ત્યારે 'કાંતારા - અ લિજેન્ડ' ને દક્ષિણની ભાષાઓ સાથે બંગાળી અને અંગ્રેજીમાં મળી સાત ભાષામાં રજૂ કરવામાં આવશે. એ કારણે કમાણી વધુ થઈ શકે છે. 'કાંતારા' ની લોકપ્રિયતા ઋષભને ફાયદો કરાવી ગઈ છે. અલ્લુ અને ઋષભ સામે ખાન હીરોએ ટક્કર આપવાની છે**

### ઓટોગ્રાફ!

રજનીકાંતની આગામી ફિલ્મ 'કુલી' માં આમિર ખાન એક્શન હીરો તરીકે મહેમાન ભૂમિકા નિભાવી રહ્યો છે. (મતલબ કે આમિર પણ હવે શાહરૂખ અને સલમાનના રસ્તે ચાલી રહ્યો છે?!)

# પરણતા પહેલાં મુરતિયાનો ઈન્ટરવ્યૂ...!

આજના ગુટકાછાપ યુવાનોની પસંદગીમાં કોઈ પરિપક્વતા જણાતી નથી. માણસ કૂતરો પાળવાનો હોય તો પણ ખૂબ જાંચી પરખીને પસંદ કરે છે, અરે ! બસ કે ગાડીની બે ચાર કલાકની મુસાફરીમાં પણ બાજુની સીટ પર કોઈ સારા મુસાફરની અપેક્ષા રાખે છે. પણ આજનો યુવાન જીવનસાથીની પસંદગીમાં એટલી કાળજી નથી લેતો. યુવાનોએ યાદ રાખવું જોઈએ કે પત્ની બસની ટિકીટ નથી અને જિંદગી બે કલાકમાં પૂરી થઈ જનારી કોઈ ફિલ્મ નથી. એથી મૈત્રિ પર લગ્નની મહોર મારતા પૂર્વે દરેકે ચેક કરવું જોઈએ કે એનામાં સારા જીવનસાથી બનવાની યોગ્યતા કેટલી છે ? યુવક દેખાવે સોહામણો હોય તેટલું પૂરતું નથી. સ્વભાવે પણ નમણો હોવો જોઈએ. તેની પાસે કેવળ પૈસા નહીં પ્રતિષ્ઠા પણ હોવી જોઈએ. તેની દોલત નહીં, દિલ કેવું છે તે પણ જોવું જોઈએ. (દિલદાર ના હોય એવા ઘણાં માલદારોની પત્નીને અમે પાડોશણ પાસેથી સાડી માગીને પહેરતાં જોઈ છે) સુંદર ફેશનેબલ વસ્ત્રોમાં ફિલ્મી હીરો જેવા દેખાતા યુવાન કરતાં સારુ વિચારી શકતા પરિપક્વ યુવાનને થોડા માર્ક્સ વધુ આપવા જોઈએ. કોઈ યુવાન સલમાન ખાન જેવો રૂપાળો હોય પણ ઘોર બુદ્ધિદારિદ્રય ધરાવતો હોય અથવા નોકરી ધંધા વિના બાપના પૈસે તાગડ ધિન્ના કરતો હોય તો એવા યુવાન સાથે "જીના મરના તેરે સંગ"ની પ્રતિજ્ઞા ના લેવાય..!



કન્યાને જોનાર મુરતિયાએ પણ એ તપાસવું જોઈએ કે તેના ફિગરની સાથોસાથ નેચર કેવો છે? બહુધા યુવાનો કન્યાની આઈબ્રો પર એટલું ધ્યાન આપે છે કે આઈ. ક્યૂ. જોવાનું ચૂકી જાય છે. અમિતાભ બચ્ચન જેવી ઊંચાઈ ધરાવતા યુવક સાથે હોંશે હોંશે પરણી ગયેલી એક યુવતીએ પિયર આવી એની સહેલીઓને નિરાશ વદને ફરિયાદ કરી : 'કાશ એની માનસિક હાઈટ પણ થોડી વધુ હોત..! એ યુવકનો એકએક વાળ દેવામાં ડૂબેલો હતો છતાં એ દેવા પર દેવુ કર્યે જતો હતો. પરણિતાને સમજાતું હતું કે પતિદેવને દેવાના દરિયામાં તણાઈ જતો રોકવા માટે એણે ખુદ પણ નોકરી કરવી પડશે. એવી છોકરી એવા સમણા જોઈ શકે ખરી કે સાંજે પતિદેવ નોકરી પરથી ઘરે આવશે ત્યારે હું એના કાળાભમ ઘટાદાર વાળમાં કલાકો સુધી હાથ ફેરવ્યા કરીશ. જોકે એ છોકરીના લગ્ન તો થઈ ગયા પણ લગ્ન પછી તેની સ્થિતિ એવી થઈ કે નોકરી પર એ એટલું થાકી જતી હતી કે પેલાના વાળ તરફ નજર કરવાની ય એને ઈચ્છા થતી નહોતી) આજના બહુધા યુવાનો લગ્ન, પ્રેમ, દાંપત્ય, જેવી ઘણી મહત્ત્વની બાબતો અંગે કશું ઊંડાણથી વિચારતા નથી. તેમાંય પ્રેમમાં પડવાના મામલે તેઓ ખાસ્સા ઉતાવળિયા બની જતા હોય છે. કશી જ ઊંડી ચકાસણી કર્યા વિના તેઓ ઉતાવળે પરણી જાય છે; પછી નિરાંતે પસ્તાય છે.

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

અમારા બચુભાઈ યોગ્ય જ કહે છે: 'કોલેજમાં દાખલ થતા પ્રત્યેક યુવકને માબાપે બે વાત ભાર દઈને સમજાવવી જોઈએ. કોલેજની અત્યંત રૂપાળી યુવતીએ પણ ફરજિયાત તારી નોંધ લેવી પડે એવી અભ્યાસિક શ્રેષ્ઠતા સિદ્ધ કર્યા બાદ તને પ્રેમમાં પડવાની છૂટ છે. તું પ્રેમનો એવો પાસપોર્ટ પ્રાપ્ત કરી શકે તે માટે અભ્યાસકાળ દરમિયાન પુસ્તકને જ પૂરો પ્રેમ કરજે. છતાં કોલેજ ગયા બાદ પ્રેમમાં ન પડવાથી તારી ઈજ્જતને બટ્ટો લાગશે એવો તને ભય લાગે તો ભલે પ્રેમ કરજે. પણ પ્રેમ પિરિયોડિકલી નહીં પરમેન્ટલી કરજે, અર્થાત લવ કરજે લફરું નહીં!'

આજના યુવાનોએ એક વાત ભૂલવા જેવી નથીઃ 'ભૂખ ન જુએ ટાઢો ભાત અને પ્રેમ ન જુએ જાત કજાત' એ કહેવતમાં ગમે તેટલો દમ હોય તોય રૂપાળા રાવણના પ્રેમમાં પડી જવામાં 100% જોખમ રહેલું છે. પ્રેમ સુપાત્રને શોધીને જ કરવો; એ સલાહ થોડી વિચિત્ર ખરી પણ સામે જે મળ્યું તેની જોડે હાથમાં હાથ નાખીને પ્રેમના કૂવામાં ઊંધે માથે ખાબકવામાં આજપર્યંત હજારો પેમલાપેમલીની રેવડી દાણેદાણ થઈ છે. યાદ રહે પ્રણયભગ્નતાના દુઃખ પર ધરાસણાનો લેપ કામ આવી શકતો નથી. એથી ઉપચાર વિનાના એ પ્રેમરોગથી છેટા રહેવામાં જ મજા છે.

**કન્યાને જોનાર મુરતિયાએ પણ એ તપાસવું જોઈએ કે તેના ફિગરની સાથોસાથ નેચર કેવો છે? બહુધા યુવાનો કન્યાની આઈબ્રો પર એટલું ધ્યાન આપે છે કે IQ જોવાનું ચૂકી જાય છે**

### ધૂપછાંવ

બચુભાઈએ એક દિવસ કહ્યું: ભગવાન બન્યા પછી હું ભલે બીજું કાંઈ ન કરું કમસે કમ એટલું જરૂર કરી શકું કે દુનિયાના દરેક દેશનો અબજો રૂપિયાનો શસ્ત્રસરંજામ ભાંગીને તેમાંથી દાળ રોટી બનાવું.. જેથી દુનિયાના એક પણ માણસે ભૂખ્યા પેટે સુવું ના પડે..! આવું કરી શકું તો જ મારામાં રહેલો ભગવાન સાર્થકતા અનુભવે..! બાકી સાચું કહું તો ભગવાન હોવા કરતાં માનવતાથી મઘમઘતા ઈન્સાન બનવાનું ઘણું અઘરુ છે. ભગવાનનો તોટો નથી આ દેશમાં પણ આજે સવા કરોડ માણસોમાંથી સાચા માનવી કેટલા..??